ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૯ ટકા

# પૌષ્ટિક સૂંઠ સહિત કચરિયું શહેરમાં ઓન ડિમાન્ડ

## કોરોનાને કારણે ઈમ્યુનિટી બુસ્ટર અને સૂંઠ સહિતના કચરિયાની માંગ : કચરિયાના ભાવ ગત વર્ષ જેટલા જ

ગાંધીનગર, તા.૨૧

શિયાળાની ઠંડીમાં ગરમાવો કરવા માટે તલ ઉત્તમ મનાય છે તેમાંય કાળા અને સફેદ તલનું કચરિયું આરોગવા માટે શહેરીજનો દર વર્ષે આતુર હોય છે. આ વર્ષે કોરોનાને કારણે કચરિયામાં આદુ કે સુંઠ નાંખવાનું પ્રમાણ વધ્યું છે સાથે વિવિધ ટેસ્ટના કચરિયાનો ઉમેરો થયો છે જેમાં ખાસ ઈમ્યુનીટી બુસ્ટર કચરિયું ઓન ડિમાન્ડ છે.

દેખાવમાં નાના એવા તલના અનેક ફાયદા છે. ઠંડીની મોસમમાં તલ ખાવાથી શરીરને ઉર્જા મળી રહે છે. બે પ્રકારના કાળા અને સફેદ તલમાં કાળા તલ વધુ પૌષ્ટિક ગણાય છે. તલમાં પ્રોટીન, કેલ્શિયમ અને લેમ્ટીપ્લેક્ષ હોય છે. તલના સેવનથી માનસિક રોગ કે તણાવ દૂર થાય છે અને શિયાળામાં ખાસ તલનું કચરિયું ખાવાથી પૂરતા પ્રમાણમાં ઘી સાથે તલ અને અન્ય પદાર્થનો ઉમેરો કરવાથી પોષણ મળી રહે છે. શહેરમાં હાલ દરેક કરિયાણાની દુકાનમાં કે કચરીયાની ઘાણીમાં કચરિયાનું વેચાણ શરૂ થઈ ગયું છે.

કચરિયું ખાસ કોરોનાને કારણે સૂંઠનો ઉમેરો કરીને વેચાઈ રહ્યું છે જેની ડિમાન્ડ પણ વધુ છે આ સિવાય શહેરમાં સાદુ કચરિયુ, સૂંઠ ગંઠોડાવાળુ દેશી ગોળનુ કચરિયું, ડ્રાયફ્રુટસ કચરિયું, ચોકલેટ કચરિયું, કેસ-બદામ-ઈલાયચી-કોપરા-કાળા તલનું કચરિયું, બદામ અને કાજુ કચરિયું જેવા અનેક પ્રકારના ટેસ્ટ સાથેના કચરિયા ઉપલબ્ધ છે. શહેરમાં કચરિયાનો વેપાર કરતા આદિત્ય પટેલના જણાવ્યા અનુસાર આ વર્ષે ઈમ્યુનિટી બુસ્ટર કચરિયું અને સૂંઠ-ગંઠોળાનો ઉમેરો કરી દેશી ગોળથી બનતું કાળા અને સફેદ તલનું કચરિયું ઓન ડિમાન્ડ છે. કિલોએ કચરિયાનો ભાવ ૧૮૦ થી લઈ ૩૦૦ રૂપિયા સુધીનો છે.





**●●● તલના ફાયદા ●●●**

- શિયાળામાં તલ ખાવાથી શરીરને ઊર્જા પ્રાપ્ત થાય છે.
- તલના સેવનથી માનસિક ક્ષતિને દૂર કરી શકાય છે.
- તલવા સેવનથી ભૂખ વધે છે. તલ કફ, વાત, પિત્તને દૂર કરે છે.
- દાંત માટે તલ ફાયદાકારક છે.
- તલ બુધ્ધિમાં વધારો કરે છે.
- સ્કીન માટે તલનું તેલ ઉત્તમ છે.
- તલનું સેવન કેન્સર થવાની શકયતામાં ઘટાડો કરે છે.
- તલનું તેલ વાળ માટે ફાયદાકારક છે.
- તલમાં ફોલિક એસિડ છે જે ગર્ભવતિ મહિલાને ગર્ભ વિકાસમાં મદદ કરે છે.
- તલમાંથી ખાસ કેલ્શિયમ પ્રાપ્ત થાય છે જે હાડકા માટે ઉપયોગી છે.



લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા બિંદીયા ગજ્જરના જન્મદિન નિમિત્તે વેપોરાઈઝર મશીનનું વિતરણ કેર ફોર સિનીયર સીટીઝન અંતર્ગ કૈલાસધામ પેથાપુર તથા રાહેલબા વૃધ્ધાશ્રમ મગોડી ખાતે કરવામાં આવ્યું હતું. કોરોના સામે રક્ષણ મળી રહે તે હેતુ મશીન વિતરણ માટે સંસ્થાના સર્વે સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને મશીનના ઉપયોગ અંગેની માહિતી વડીલોને પુરી પાડવામાં આવી હતી.

# ગાંધીનગરમાં નવા અન્ડરપાસની જરૂર નહીં હોવાનો ૭૦ ટકાનો અભિપ્રાય

## ઈન્સ્ટાગ્રામ પર 'હેલ્લો ગાંધીનગર' પેજ પર હાથ ધરાયેલા ઓનલાઈન સર્વે પોલમાં નાગરિકોએ વ્યકત કરેલો અભિપ્રાય : ૩ હજારથી વધુ વ્યકિતઓએ સર્વે નિહાળ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં નવા અન્ડરપાસ બનાવવાની કોઈ જરૂર નથી તેવું આશરે ૭૦ ટકા નાગરિકો માને છે તેવું તારણ એક ઓનલાઈન સર્વેમાં બહાર આવ્યું છે. શહેરમાં હેલ્લો ગાંધીનગર નામથી કાર્યરત એક સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ પર ૨૪ કલાક માટે મુકવામાં આવેલા એક ઓનલાઈન સર્વે માટેના જવાબમાં ૩ હજારથી વધુ નાગરિકોએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો.

શહેરમાં સેકટર-૨૨ થી ૨૧ અને સે-૨૩ થી સે-૨૨ વચ્ચે અંડરપાસ બનાવાશે જે માટે સ્માર્ટ સિટી પ્રોજેકટ અંતર્ગત ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ બાબતને અનુલક્ષીને શહેરમાં સોશિયલ મિડીયા પર કાર્યરત ઈન્સ્ટાગ્રામ પેજ 'હેલ્લો ગાંધીનગર' દ્વારા સ્ટેટસ સ્ટોરી થકી એક ઓનલાઈન સર્વે હાથ ધરી શહેરના નાગરિકોના મત જાણવા પ્રયાસ કર્યો હતો. આ પ્રયાસમાં કુલ ૩૦૨૯ વ્યકિતઓએ પોતાનો પ્રતિભાવ આપ્યો હતો જે પૈકી જે વ્યકિતઓએ વોટીંગ કર્યુ હતું તેમાં કુલ ૬૯ ટકા નાગરિકોએ શહેરમાં અન્ડરપાસની સ્હેજ પણ જરૂરિયાત નથી તેવો મત વ્યકત કર્યો હતો જયારે ૩૧ ટકા વ્યકિતઓએ અન્ડરપાસની જરૂરિયાત છે તેવો મત વ્યકત કર્યો હતો.

### જૂના ૧૨ અન્ડરપાસ હયાત છે તેને જ શરૂ કરો : અરૂણ બુચ

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું હતું કે પાટનગરની રચના વખતે જ રોડ પ્લાનિંગમાં કુલ ૧૨ અંડરપાસ બનાવાયેલા હતા જેના થકી કોઈ પણ નાગરિક મુખ્ય માર્ગ પર આવ્યા વગર જ સચિવાલય પહોંચી શકે તેવી વ્યવસ્થા હતી. આ રોડ પ્લાનિંગમાં કોઈ પણ ફેરફાર કરવો યોગ્ય નહીં રહે તેવું તે સમયે સ્પષ્ટ જણાવાયું હતું પરંતુ અન્ડરપાસને ગણકાર્યા વગર જ રોડ પહોળા કરી દેવાયા જેના કારણે ૧૨ પૈકી ૧૧ અન્ડરપાસ બંધ થઈ ગયા છે અને માત્ર એક જ અન્ડરપાસ જે સે-૨૧થી મીનાબજાર તરફ જાય છે તે ચાલુ છે. વળી, સે-૨૩ થી સે-૨૨ અને સે-૨૨ થી સે-૨૧ના અન્ડરપાસ બનાવાયેલા જ છે જેથી તેને જ આગળ વધારીને બનાવાય તો ખર્ચ પણ ઘટશે. ખરેખર તો જે હયાત છે તે બધા જ અન્ડરપાસને જ સુધારીને ચાલુ કરી દેવા જોઈએ તો આખી સમસ્યા ઉકેલાઈ જશે અને પ્રકૃતિને નુકસાન કર્યા વગર જ અકસ્માતો ઘટાડી શકાશે.

# ઈસનપુર મોટા ગામની સીમમાંથી જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા ઈસનપુર મોટા ગામે પ્રેમલ રણછોડભાઈ પટેલના બોરકુવા પર ખુલ્લામાં જુગાર રમતા ત્રણ જુગારી પોલીસના હાથે ઝડપાઈ ગયાછે. પોલીસે જુગારીઓની અંગજડતી તેમજ દાવ પરથી મળીને કુલ રૂ.૧૦,૪૫૦ તેમજ રૂ.૧૫ હજારના ત્રણ મોબાઈલ મળીને કુલ રૂ.૨૫,૪૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા તે સમયે ઈસનપુર મોટા ગામે બોરકુવા પર ખુલ્લામાં જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈ જુગાર રમતા ઈસનપુર મોટા ગામના ઢાળીયોવાસ ખાતે રહેતા ગૌરાંગ હર્ષદભાઈ પટેલ (ઉં.૨૪), પિનાકીન ઉર્ફે ગુન્ટો પ્રવિણભાઈ પટેલ (ઉં.૩૨ મુખીવાળો વાસ), તેમજ ચિરાગ ઉર્ફે પાન્ચુ પુરષોતમભાઈ વણકર (ઉં.૨૯ વણકર વાસ) હોવાનું ધ્યાને આવ્યું હતું. જયારે ત્રણેય જણાએ માસ્ક કે સોશ્યિલ ડિસ્ટન્સ રાખ્યું ન હોવાથી તમામ સામે પોલીસે જુગારધારા અને જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધોળાકુવા પાસે કન્સ્ટ્રકશન સાઈટ પર પૈસાની લેતીદેતી મામલે મારામારી

ગાંધીનગર, તા.૨૧

શહેરને અડીને આવેલા ધોળાકુવા નજીક કન્સ્ટ્રકશન સાઈટ પર રૂપીયાની લેતી-દેતીમાં મારામારી થવા પામી છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા હિરેનભાઈ સુરેશભાઈ પટેલ કન્સ્ટ્રકશન સાઈટ ચલાવે છે. ગત તા.૬ નવેમ્બરના રોજ બપોરે તેમના પર વિજયભાઈ નામના વ્યકિતનો ફોન આવ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતુ કે બાબુભાઈ સાંગાણી તેમજ તેમના પુત્ર મયંક સાંગાણીએ લેન્ડ માર્ક લિવિંગની મેટર મને સોંપી છે. હવે તારે બધી વાતચીત મારી સાથે કરવી અને વધુ હોશીયારી કરીશ તો જાનથી મારી નાંખીશ. આ પછી રવિવારના રોજ હિરેનભાઈ પટેલ પોતાની ધોળાકુવા પાસે લેન્ડ માર્ક લિવિંગની સાઈટ પર હાજર હતા. આ સમયે તેમના એકાઉન્ટન્ટ પ્રદિપભાઈ વ્યાસ, સાઈટ સુપરવાઈઝર કેતન રાવળ સહિતના વ્યકિત હાજર હતા. તે સમયે પોણા ચાર વાગ્યાના સુમારે જીગ્નેશભાઈ સુવાગીયા (રહે. મકાન નં.એ - ૧૦૩ લેન્ડમાર્ક લિવિગ ધોળાકુવા), વિજયભાઈ તેમજ બીજા બે અજાણ્યા શખ્સો ડસ્ટર ગાડીમાં આવ્યા હતા. જીગ્નેશભાઈ અને વિજયભાઈ વાત કરવા લાગ્યા હતા. ત્યારે હિરેનભાઈ બેઝમેન્ટમાં આગળ ચાલતા જતા હતા. આ સમયે તુ કેમ ઉભો રહેતો નથી, હું બોલાવુ છું તો પણ કહીને બંને શખ્સો ઉશ્કેરાઈ ગયા હતા. તેઓએ ગાળાગાળી કરીને સાઈટ પર કાલથી દેખાતા નહી કહી હિરેનભાઈ સાથે ઝપાઝપી કરી હતી. આ સમયે પ્રદિપભાઈ બચાવવા માટે વચ્ચે પડતા તેઓને પણ ગડદાપાટુનો માર માર્યો હતો. તે ઉપરાંત તેમનો ફોન પણ તોડી નાંખ્યો હતો. કેતનભાઈને પણ આરોપીઓએ મારમારીને જાનથી મારી નાંખવાની ધમકી આપી ચારેય શખ્સો જતા રહ્યા હતા. આ મારામારીમાં પ્રદિપભાઈ અને હિરેનભાઈને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ લઈ ગયા હતા. જયારે સમગ્ર મુદ્દે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.

## જન્મદિને જરૂરિયાતમંદ બાળકોને ભોજન તથા પરિવારને શાલ વિતરણનું સેવાકાર્ય





ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના જાણીતા ફીઝીયોથેરાપીસ્ટ ડૉ. હાર્દિક તલાટીએ પોતાના જન્મદિવસની ઉજવણી ઝુંપડપટ્ટીમાં રહેતા બાળકો સાથે કરી હતી. બાળકો સાથે તેઓએ કેક કટીંગ કરી બાળકોનું મોં મીઠું કરાવ્યું હતું. એટલું જ નહી તેઓને ખીચડી-કઢીનું જમણ કરાવ્યું હતું. ખુલ્લામાં રહેતા જરૂરિયાતમંદ વંચિતોને ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી શાલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસી કોર્પોરેટર પિન્કીબેન પટેલ તેમજ અગ્રણી મનહરદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા અને બાળકો સાથે ખુશી વહેંચવાનો આનંદ કંઈક અનેરો હોય છે તેવું જણાવ્યું હતું.

# મનપાના આગામી ચુંટણી જંગ માટે 'આપ' તૈયાર..!!



ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીઓ આગામી ફેબ્રુઆરીમાં યોજાઈ શકે છે અને આ વખતે આ ચુંટણી જંગમાં આમ આદમી પાર્ટી પણ ઝંપલાવવાની છે તેવા નિર્ધાર સાથે સેકટર-૨૯માં આપ પાર્ટીના યુવા કાર્યકર્તા શકીર રાણા અને તેમની ટીમે ડોર ટુ ડોર સંપર્ક અભિયાનના શ્રીગણેશ કર્યા હતા. આપ પાર્ટીના તરવરિયા કાર્યકર્તાઓએ નાગરિકોને રૂબરૂ મળી તેમના પ્રશ્નો, સમસ્યાઓ વગેરે જાણી આ વખતે પરીવર્તનની આશા જગાવી હતી તેવું નવ નિયુકત પાર્ટી પ્રવકતા આશિષબેન ઝાલાએ જણાવ્યું હતું.

# ૬૧મી રાજયકલા સ્પર્ધા- પ્રદર્શનમાં કલાકૃતિઓ જમા કરાવવા જોગ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ૬૧મું રાજયકલા સ્પર્ધા/પ્રદર્શન યોજાનાર છે. આ પ્રદર્શનમાં જુદી જુદી કલાઓ જેવી કે પેઈન્ટીગ, શિલ્પકલા, ગ્રાફિકસ,વ્યવહારીકકલા, છબીકલા તેમજ બાળ ચિત્રકલા ક્ષેત્રમાં કલાકારો પાસેથી ૬૧ માં રાજય કલા સ્પર્ધામાં કલાકારો/કલાના ચાહકો કલા સંસ્થાના વિદ્યાર્થીઓ, શાળાઓમાં ધોરણ ૧ થી ૧૦માં ભણતા બાળકો પાસેથી કલાકૃત્તિઓ સ્પર્ધા માટે મંગાવવામાં આવે છે.

હાલ પ્રવર્તમાન કોરોના મહામારીને ધ્યાને લઈ આ કલાકૃતિઓ આગામી તાઃ ૨૮-ડીસેમ્બર-૨૦૨૦ થી તાઃ ૩, જાન્યુઆરી-૨૦૨૧ (રવિવાર સહિત) દરમ્યાન નિયત અરજી પત્રકો સાથે જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતે જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી દ્વારા બપોરના ૧૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી (રવિવાર સહિત) રૂબરૂ/કુરીયર દ્વારા સ્વીકારવામાંઆવશે.ત્યારબાદ મળેલા અરજીપત્રકો/કલાકૃત્તિઓસ્વિકારવામાં આવશે નહિ. અરજીપત્રકો સંપૂર્ણ વિગતો ભરીને, કલાકૃત્તિઓ સાથે રજુ કરવાના રહેશે. આ સ્પર્ધાનુંફોર્મ જીલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર, છઠ્ઠોમાળ, સહયોગ સંકુલ, સેકટર- ૧૧, ગાંધીનગર ખાતેથી મેળવી શકાશે. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા કોઈ પણ કલાકૃત્તિ/ફોર્મ સ્વીકારવામાં આવશે નહિં. આ અંગે જરૂર જણાયે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના ટેલીફોન નં.૦૭૯-૨૬૪૨૫૫૬૨ પરથી માહિતી મેળવી શકાશે, તેવુંજિલ્લા યુવા વિકાસ અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

# સેકટર-૨૧ અંબે માતાના મંદિર સામે ચાલતા જતા મહિલાને બાઈકની ટક્કર વાગતા ઈજા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ અંબે માતાના મંદિર સામે સાંજના સુમારે ચાલતા જતા મહિલાને અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા તેઓ નીચે પડી ગયા હતા. મહિલાને ઈજા પહોંચી હોવાથી તેણીને તાત્કાલીક સારવાર માટે લઈ જવાયા હતા. મહિલાને ડાબા હાથના ખભા પર, કાંડામાં અને પગના ઢીંચણ સહિત શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મહિલા સેકટર-૨૧ ચ ટાઈપ ખાતે બ્લોક નં.૧૧૨-૪ ખાતે રહે છે.જયારે મહિલાના પતિ અરણ્ય ભવનમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. બનાવ અંગે મૌલિક ખીમજીભાઈ પરમારે બાઈક નં.જી.જે.૦૧.એલ.સી.-૨૮૪૭ના ચાલક સામે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

# વર્ષો જુના વૃક્ષોનું નિકંદન કાઢીને વિકાસ થાય તે યોગ્ય નથી

## સે-૨૨માં વૃક્ષો કાપવાની કામગીરી સામે 'પ્રકૃતિ રક્ષા અભિયાન'નું આજે કલેકટરને આવેદન પત્ર : પીએમઓ પોર્ટલ અને મુખ્યમંત્રી સુધી આવેદન પત્રની નકલ મોકલી : પર્યાવરણને નુકસાનથી આગામી પેઢીને ઓકિસજન માટે વલખાં મારવા પડશે તેવી રજૂઆત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૨૨માં ઢોરડબાથી પંચદેવ મંદિર તરફનો સેકટરનો આંતરિક માર્ગ પહોળો કરવા માટે આ માર્ગની બંને તરફ વિકસેલા વર્ષો જુના ઘટાદાર વૃક્ષો સહિત આશરે ૩૦૦ જેટલાં વૃક્ષોને કાપવાની કામગીરી હાથ ધરવાની તંત્રની હિલચાલ સામે શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં રોષની લાગણી પ્રસરવા પામી છે અને રવિવારે બપોરે પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ શહેરના પ્રકૃતિ પ્રેમી નાગરિકોએ આ માર્ગ પર શાંતિયાત્રા યોજી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. આ સાથે પ્રકૃતિ રક્ષા અભિયાન દ્વારા આજે પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી આ વૃક્ષો કાપવાની કામગીરી પર રોક લગાડવા અનુરોધ કર્યો છે.

પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત કલેકટરને આપવામાં આવેલા આવેદનપત્રમાં પ્રકૃતિપ્રેમીઓ દ્વારા ગાંધીનગરમાં વિકાસ કાર્યોને આવકારીએ છીએ તેવું જણાવતા ટકોર કરી છે કે 'વર્ષો જુના વૃક્ષોનું નિકંદન કાઢીને વિકાસ થાય તે યોગ્ય લાગતું નથી, આ વિકાસ આવનારી પેઢી માટે વિનાશક સાબિત થઈ શકે છે.' આ સાથે શહેરના પ્રકૃતિ પ્રેમીઓની લાગણીને વૃક્ષો કાપવાના નિર્ણયથી ઠેસ પહોંચી હોવાનું જણાવતા વૃક્ષોની કટોતીના કારણે કલાઈમેટ ચેન્જ, પ્રદૂષણ જેવી પર્યાવરણ સંબંધિત સમસ્યાઓ ગંભીર બની છે તેનો હવાલો આપવા સાથે અગાઉ વિકાસ કાર્યો માટે તંત્રએ જે વૃક્ષોને કાપ્યા અને તેની સામે જે નવા વાવ્યા છે તે વાવેલા છોડ પૈકી કેટલાં છોડ વિકસીને વૃક્ષ બની શકયા તેની હકીકત પ્રત્યે ધ્યાન દોર્યુ છે. આ સાથે તેમણે પર્યાવરણને નુકસાન પહોંચાડી કરવામાં આવતા વિકાસ કાર્યોને કારણે આગામી પેઢીને ઓકિસજન લેવા માટે પણ વલખાં મારવા પડશે તેવી ચેતવણી પણ ઉચ્ચારતા આ કામગીરી અટકાવતો આદેશ કરવા અને શહેરમાં કોઈ પણ સ્થળે વિકસેલા વર્ષો જુના વૃક્ષોની કાપણી અટકાવવા પગલાં ભરવા પ્રકૃતિ રક્ષા અભિયાને માંગ કરી છે. આ આવેદનપત્રની તેમણે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, વન અને પર્યાવરણ મંત્રી, મેયર, મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી મેયર, વિભાગીય વન અધિકારી, કાર્યપાલક ઈજનેર સહિત સ્થાનિક કોર્પોરેટર્સ અને પીએમઓ પોર્ટલ પર પણ મોકલાવી છે. કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખીને પ્રકૃતિ રક્ષા અભિયાનના માત્ર પાંચ પ્રતિનિધિઓએ કલેકટર પાસે જઈને આવેદન પત્ર પાઠવ્યું હતું.



## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. ઠાકોર જોઈતીબેન ભલુજી, ઉ.વ. ૮૦, ચાંદીસણા, તા. કલોલ
- સ્વ. મનુભાઈ છગનભાઈ જાદવ, ઉ.વ. ૮૨, સેકટર-૧૩, ગાંધીનગર